સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા મહેરબાન

ગીરમાં કરા પડ્યા : અમરેલીમાં સતત બીજા દિવસે ધોધમાર વરસાદનો દોર રહ્યો : અમરેલીના સાવરકુંડલા, ખાંભા સહિતના ઘણા વિસ્તારોમાં વીજળીના કડાકા અને ભડાકાની સાથે વરસાદ વરસ્યો : હજુ વરસાદ પડવાની આગાહી કરાઈ

અમદાવાદ,તા. ૩

રાજયના સૌરાષ્ટ્ર પંથકમાં આજે સતત બીજા દિવસે પણ મેઘરાજા મહેરબાન રહ્યા હતા અને વિવિધ વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ નોંધાયો હતો. અમરેલીના સાવરકુંડલા, ખાંભા, મિતાયાળા જંગલ સહિતના વિસ્તારોમાં વીજળીના કડાકા અને ભડાકા સાથે જોરદાર વરસાદ વરસ્યો હતો, તો, ગીર પંથકમાં વળી બરફના કરા સાથે વરસાદ ખાબકયો હતો. ચોમાસાની ધમાકેદાર એન્ટ્રીને લઇ સૌરાષ્ટ્રવાસીઓ ખુશખુશાલ થઇ ગયા હતા. બીજીબાજુ, દક્ષિણ ગુજરાતમાં સુરત સહિતના પંથકોમાં પણ તોફાની વરસાદ નોંધાયો હતો. ભારે પવન અને વાવાઝોડા સાથે આવેલા વરસાદને પગલે સંખ્યાબંધ વૃક્ષોનો સોથ વળી ગયો હતો. અમરેલીના સાવરકુંડલામાં ગઇકાલે પણ તોફાની વાવાઝોડા અને મેઘતાંડવથી અનેક વૃક્ષો અને હોર્ડિંગ્સ ધરાશાયી થયા હતા. આજે બીજા દિવસે પણ અમરેલી જિલ્લામાં આકરા તાપ વચ્ચે મેઘ મહેર થતા લોકોએ ગરમીમાંથી રાહત મેળવ્યાનો અનુભવ કર્યો હતો. આજે ખાંભામાં વીજળીના કડાકા ભડાકા સાથે મેઘરાજાનું આગમન થતા લોકોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. ખાંભામાં વરસાદ પડતા રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. બીજીબાજુ, ગીર વિસ્તારમાં કરા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ખાંભામાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો તો બીજી તરફ સાવરકુંડલાના મિતિયાળા જંગલ વિસ્તારમાં પણ વરસાદ પડી રહ્યાના સમાચાર મળી રહ્યા છે.

આ સિવાય ધારીના કોટડા, દલખાણીયા, મીઠાપુરમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. ગઇકાલે સાવરકુંડલામાં બે કલાકમાં ત્રણ ઇંચ જેટલો તોફાની વરસાદ પડ્યો હતો. ત્યારે આજે પણ મેઘ મહેર અવિરત રહેતા સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરી ગઇ છે. અમરેલીમાં બપોર બાદ ત્રણ ઇંચ વરસાદ ખાબકયો હતો. જેમાં સાવરકુંડલામાં ભારે વરસાદના કારણે વીજળી ગુલ થઈ હોવાના સમાચાર મળ્યા હતા. આશરે દોઢ લાખની વસ્તી ધરાવતા સાવરકુંડલામાં થોડા સમય માટે અંધારપટ છવાયો હતો. સતત પાંચ કલાક સુધી વીજળી ન હોવાના કારણે લોકો ભારે હાલાકીનો ભોગ બન્યા હતા.

અમરેલીના સાવરકુંડલામાં ધોધમાર વરસાદના કારણે નાવલી નદીમાં પૂર આવ્યું હતું. નદીમાં એકા-એક આવેલા પૂરમાં એક મારૂતી કાર તણાઈ હતી. પરંતુ કારમાં કોઈ સવાર ન હોવાથી સદનસીબે કોઇ જાનહાની થઇ ન હતી. નદીમાં આવેલા આ વર્ષના પહેલા પૂરને જોવા માટે લોકોની ભારે ભીડ જામી હતી. દરમ્યાન દક્ષિણ ગુજરાતના સુરતમાં એક રાતમાં ૩૫ મીમી જેટલો વરસાદ પડ્યો હતો. ભારે પવનને લીધે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ૯૦થી વધુ વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. લાઈટના થાંભલા પડી જવાને કારણે ઘણા વિસ્તારોમાં લાઈટો પણ જતી રહી હતી. વાવાઝોડા અને વરસાદને કારણે ૨૫થી વધુ લોકો ઘાયલ થયાનું પણ જાણવા મળી રહ્યું છે. દક્ષિણ ગુજરાતમાં પડેલા વરસાદની વાત કરીએ તો, સુરતમાં ૩૫ મીમી, બારડોલીમાં ૧૫ મીમી, ચોર્યાસીમાં ૧૨ મીમી, કામરેજમાં ૫ મીમી, મહુવામાં ૧ મીમી, માંડવીમાં ૧૨ મીમી, ઓલપાડમાં ૪૦ મીમી, પલસાણામાં ૮ મીમી, માંગરોળમાં ૩૫ મીમી, વાલોડમાં ૨૨ મીમી અને નીઝરમાં ૩ મીમી વરસાદ નોંધાયો હતો.

ઔરંગાબાદ ખાતે યોજાનાર ફેન્સીંગની તાલીમ શિબિરમાં શહેરના બે ખેલાડીઓ

ગાંધીનગર, તા. ૩

ફેન્સીંગ એસોસીએશન ઓફ ઈન્ડિયા દ્વારા સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સહયોગથી ૪ જૂનથી ૨૦ જુલાઈ દરમિયાન ભારતીય ટીમ માટે તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જે માટે કેડેટ ફેન્સીંગ નેસનલ ચેમ્પિયનશિપ ૨૦૧૭-૧૮માં ટોપ-૮માં સ્થાન મેળવનાર ખેલાડીઓને કેમ્પમાં બોલાવવામાં આવ્યા છે. જેમાં ગુજરાતમાંથી ફોઈલ વ્યક્તિત્વ ઈવેન્ટમાં આઠમું સ્થાન મેળવનાર દૃષ્ટિ પટેલનો આ કેમ્પ માટે સમાવેશ કરવામાં આવ્યો છે.

ગાંધીનગરનો સચિન પટણી રાજ્ય સરકારની સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત સંચાલિત નડિયાદ સ્થિત ફેન્સીંગ એકેડેમીમાં તાલીમ મેળવી રહ્યો છે. જ્યારે ભરૂચની દૃષ્ટિ પટેલ સેક્ટર-૭ સ્થિત જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે રાજ્ય સરકારના રમતગમત વિભાગ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા શરૂ કરવામાં આવેલી જિલ્લા કક્ષા સ્પોર્ટસ સંકુલમાં તાલીમ મેળવી રહી છે. આ બંને ખેલાડીઓએ એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટ દ્વારા આયોજિત રાજયકક્ષાની ૧૭ વર્ષથી નાની ઉંમરના ખેલાડીઓ માટેની કેડેટ ફેન્સીંગ સ્ટેટ ફેન્સીંગ ચેમ્પિયનશિપમાં મેડલ મેળવી ગુજરાતની ટીમમાં સ્થાન મેળવ્યુ હતુ. આ બંને ખેલાડીઓને ઔરંગાબાદ ખાતે ૪ જૂનથી ૨૦ જુલાઈ દરમિયાન યોજનાર ભારતીય ટીમ માટેના કેમ્પમાં પસંદગી થઈ છે.

નોધનીય બાબત છે કે ભારતીય ટીમની અંતિમ પસંદગી આ કેમ્પમાંથી તા. ૧૩ અને ૧૪ જૂનના રોજ ઈંગ્લેડ ખાતે તા. ૨૩ થી ૨૬ જુલાઈ ૨૦૧૮ દરમનિયાન યોજનાર કેડેટ કોમનવેલ્થ ફેન્સીંગ ચેમ્પિયશિપમાં ભાગ લેનાર ભારતીય ટીમની અંતિમ પસંદગી કરવામાં આવનાર છે.

પાલનપુરની રામ ઝૂંપડી હોટલ પર ફાયરીંગ

૧નું મોત : ૧ ઘાયલ : ધોળે દહાડે ૨ રાઉન્ડ ફાયરીંગ થતા ભયનો માહોલ

પાલનપુર, તા.૩

બનાસકાંઠા જિલ્લા મુખ્યાલય પાલનપુરના ડીસા હાઈવે પર આવેલી એક હોટેલ પર અંગત અદાવત કેટલાક શખ્સોએ ધોળે દહાડે ફાયરીંગ કર્યું હોવાની ઘટના સામે આવી છે.જેમાં સારવાર દરમ્યાન એક વ્યક્તિ નું મોત થતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. સરહદી બનાસકાંઠા જિલ્લામાં આજે દિન દહાડે એક હોટલ પર ફાયરિંગ થતા એક વ્યક્તિનું મોત થયું હતું. જયારે ૧ અન્ય એક વ્યક્તિને ઈજા થઈ હતી. પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુર-ડીસા હાઈવે પર આવેલી રામઝૂંપડી હોટેલ પર આજે બપોરના સમયે કેટલાક શખ્સો ત્રણ ગાડીઓ લઈને આવ્યા હતા. અને તેઓ હોટેલ બહાર બેસી કોઈ મામલે બબાલ કરી રહ્યા હતા. દરમ્યાન અચાનક તેઓ ઉશ્કેરાઈ ગયા હતા. અને લશ્કર મીર નામના શખ્સ પર લાકડી વડે હુમલો કર્યો હતો. જો કે તે બચી જતા અન્ય વ્યક્તિને ઈજા થઈ હતી. તો બાદમાં એક શખ્સ તેની કાર માંથી રિવોલ્વર કાઢી તેના પર ફાયરિંગ કર્યું હતું. જેમાં લશ્કર મીરને ગંભીર ઈજા થતા તેઓ નાસી ગયા હતા. જ્યારે આ ઘટનાની જાણ થતાં પાલનપુર પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. આશરે ૩૦ લોકોની ભીડ જામી હતી. અને ઈજાગ્રસ્તને સારવાર માટે ખસેડતા તેનું સારવાર દરમિયાન મોત થયું હોવાનું મૃતકના સગા બકશુભાઈ મીરએ જણાવ્યું હતું. ઘટનાસ્થળે દોડી આવેલી પોલીસે ડોગ સ્કવોડની મદદથી આરોપી ઓને પકડવાની તજવીજ હાથ ધરી હતી. જો કે આ રામઝૂંપડી હોટેલમાં સીસીટીવી બંધ હાલતમાં હોવાથી પોલીસ હોટેલ માલિક ની પૂછતાછ કરી વધુ તપાસ હાથ ધરી હોવાનું ઈન્ચાર્જ પોલીસ વડા એવમ ડીવાયએસપી બી.એ.ચાવડાએ જણાવ્યું હતું.

પાલનપુર પોલીસે હાલમાં અજાણ્યા શખ્સો સામે આર્મ એકટ અને હત્યાનો ગુન્હો નોંધી આરોપીઓને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. પરંતુ દિન દહાડે બનેલી આ ઘટનાથી લોકોમાં ભય નો માહોલ સર્જાયો છે.

હિંમતનગર પાલિકાના વિરોધપક્ષના નેતાની રાતો રાત પસંદગી કરાતા સભ્યોમાં નારાજગી

હિંમતનગર, તા. ૩

હિંમતનગર નગરપાલિકામાં વિરોધપક્ષના નેતા અને કોંગ્રેસના સદસ્યનું અચાનક નિધન થયા બાદ પક્ષના અન્ય કોર્પોરેટરોને વિશ્વાસમાં લીધા વિના જિલ્લા કોંગ્રેસના પ્રમુખે પાલિકામાં વિરોધપક્ષના નેતા તરીકે એક સભ્યને લેખીત આપી દેતા અન્ય સભ્યોમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખની આપખુદશાહીથી નારાજ થઈ આ સભ્યોએ કોંગ્રેસના નિરીક્ષકો સમક્ષ વિરોધ નોંધાવી ઉગ્ર રજુઆત કરવાનો નિર્ણય કર્યો હોવાને કારણે આગામી દિવસોમાં હિંમતનગર પાલિકામાં સત્તાનું અને મોભાનું પદ મેળવવા માટે જે દાવપેચ રમાઈ રહ્યા છે તે આગામી સમયમાં પક્ષની પ્રતિષ્ઠાને હાની પહોંચાડે તેવા સંજોગ ઉભા થયા છે.

આ અંગે પાલિકાના વિરોધપક્ષના સભ્યોએ નામ ન આપવાની શરતે જણાવ્યુ હતુ કે હિંતનગર પાલિકામાં વોર્ડ નં. ૪ માંથી ચૂંટણી લડી કોંગ્રેસના અગ્રણી જગદીશભાઈ જયસ્વાલનું ટુંકી માંદગી બાદ નિધન થયુ છે ત્યારે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ મણીભાઈ પટેલે રાતોરાત હિંમતનગર પાલિકામાં કાર્યકારી વિરોધપક્ષના નેતા તરીકે ઈશાક શેખની નિમણૂંક કરી દીધી હતી જે અંગે પાલિકાના કોંગ્રેસના અન્ય સદસ્યોને ખબર પડતા તેમણે દુઃખ સાથે જણાવ્યુ હતુ કે જિલ્લા કોંગ્રેસ પ્રમુખે અમને વિશ્વાસમાં લેવાની જરૂર હતી તથા મોતનો મલાજો જાળવવો જોઈતો હતો પરંતુ તે થયુ નથી.

હવે જ્યારે વિરોધ પક્ષના અન્ય સભ્યોમાં કાર્યકારી વિરોધપક્ષના નેતાની નિમણૂંક બાદ જે નારાજગી પ્રસરી છે તે આગામી સમયમાં કોંગ્રેસ માટે ચિનગારી રૂપ સાબિત થાય તેવુ ચર્ચાઈ રહ્યુ છે ત્યારે આગામી દિવસોમાં કોંગ્રેસના નિરીક્ષક રાજુભાઈ વ્યાસ હિંમતનગરની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે પાલિકાના વિરોધપક્ષના નેતાની નિમણૂંકના પ્રશ્ને અન્ય સભ્યો જોરદાર રજુઆત કરવાના છે તેમનું કહેવું છે કે જિલ્લાના પ્રમુખે આવો નિર્ણય લેતા પહેલા અન્ય ચૂંટાયેલા સભ્યોને વિશ્વાસમાં લેવાની જરૂર હતી.

ખોરજના કાંસમાં વહી રહેલાં ગટરનાં ગંદાં પાણી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરથી દસ મિનિટના અંતરે સરખેજ જવાના માર્ગ પર આવેલ ખોરજ ગામ ગંદકીથી ખદબદી રહ્યું છે. ગામની વચ્ચોવચ વરસાદી પાણીના નિકાલ- માટેની કાંસ પસાર થાય છે. કાંસની બંન્ને બાજુ ગ્રામજનો વસવાટ કરે છે. કાંસની સમાંતર ગટર લાઈન આવેલી છે. ત્યારે ગટરના ગંદા પાણી બેક મારતા આ કાંસમાં ધકેલાય છે. હાલના સમયે કાંસ ગટરના ગંદા પાણીથી ખદબદી રહી છે. મચ્છરોને પગલે ગ્રામજનો રાત્રે સુઈ શકતા નથી, ગામના નાગરીકોના આરોગ્ય સામે ખતરો ઝળુંબી રહ્યો છે. તંત્ર સમક્ષ અનેકવાર ફરિયાદ કરવા તંત્રના બહેરા કાને ગ્રામજનોની રજુઆત સંભળાતી નથી.ત્યારે આ મુદ્દે ગ્રામજનો ઉગ્ર લડત લડવાના મુડમાં જણાય છે.

રાજય સરકાર દ્વારા વરસાદી પાણી માટે જળસંચય યોજના ચાલી રહી હતી તે તાજેતરમાં જ પૂર્ણ થઈ છે. આ યોજનામાં તળાવ ઉંડા કરવાથી માંડીને સફાઈ પણ કરવામાં આવી છે.ત્યારે રાજયમાં વરસાદી પાણીના નિકાલ માટે આવેલી કાંસની પણ સફાઈ કરવામાં આવી છે. ત્યારે ગાંધીનગરને અડીને આવેલા ખોરજ ગામની મધ્યમાંથી પસાર થતી કાંસની જ સફાઈ કરવામાં સરકારી તંત્ર ઉણું ઉતર્યું હોય તેમ લાગી રહ્યું છે. આ કાંસમાં ગટરના ગંદા પાણી વહી રહ્યા છે. જયારે આગામી સમયમાં ચોમાસાની સિઝન શરુ થતા જ આ કાંસના પગલે નાગરીકોની હાલત દયનીય બની જશે. કાદવ-કિચડ અને ખદબદતી ગંદકી વચ્ચે રહેવા ગ્રામજનો મજબુર બને છે. મચ્છરજન્ય રોગચાળો પણ ચોમાસાની સિઝનમાં માથુ ઉંચકે તેવી દહેશત ફેલાઈ છે. ગામની ગટર લાઈનની યોગ્ય મરામત થતી નથી. ગામના મધ્ય ભાગમાંથી પસાર થતી કાંસની બંન્ને બાજુ ગ્રામજનો વસવાટ કરે છે. કાંસની સફાઈ અંગે જાગૃત નાગરીકે ધારાસભ્યથી લઈને મુખ્યમંત્રી સુધી લેખિત ફરીયાદ કરી છે. ત્યારે આ કાંસની સફાઈ ક્યારે અને કોણ કરાવશે તેની રાહ જોઈને ખોરજના ગ્રામજનો બેઠા છે. ગ્રામજનો આગામી સમયમાં આ મુદ્દે ઉગ્ર લડતના મંડાણ કરે તો નવાઈ નહી.

નાપાક હરકત

● અનુસંધાન પહેલાનું ચાલુ

તરફથી ગોળીબાર શરૂ કરવામાં આવ્યા બાદ સરહદી વિસ્તારમાં રહેતા લોકોમાં રાત્રિ ગાળા દરમિયાન દહેશત રહી હતી. છેલ્લા કેટલાક દિવસથી જમ્મુ કાશ્મીરના જુદાજુદા વિસ્તારમાં પાકિસ્તાન તરફથી કરવામાં આવી રહેલા ગોળીબારમાં ચાર લોકોના મોત થઈ ચુકયા છે. ૨૦થી વધુ લોકો ઘાયલ થઈ ચુકયા છે. પાકિસ્તાની રેંજરો જમ્મુ, સાંબા અને કઠુઆ જિલ્લામાં સૈનિકો અને નાગરિક વિસ્તારોને ટાર્ગેટ કરીને હુમલા કરી રહ્યા છે. સરહદી વિસ્તારમાંથી ૪૦૦૦૦થી વધુ લોકોને સુરક્ષિત વિસ્તારમાં ખસેડવામાં આવી ચુકયા છે. હજુ ગોળીબારનો દોર જારી રહ્યો છે.

સફળ પરીક્ષણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રાટકવામાં સક્ષમ છે. તેની ત્રાટકવાની રેંજ ૫૦૦૦ કિલોમીટરથી વધારેની છે. સમગ્ર ચીન ટાર્ગેટ હેઠળ આવી જતાં ભારતની મોટી સફળતા તરીકે આને જોવામાં આવે છે. મિસાઈલની વિશેષતા પણ અનેકગણી રહેલી છે. આ મિસાઈલ અવાજ કરતા પણ ૨૪ ગણી વધુ ઝડપથી ત્રાટકી શકે છે. ૫૦ ટન વજન મિસાઈલનું રહેલું છે. આ ઉપરાંત અગ્નિ-૫ મિસાઈલ ૧.૫ ટન સુધી ન્યુક્લિયર વોરહેડ લઈને ત્રાટકવામાં સક્ષમ છે. ચીન સહિત સમગ્ર એશિયા તેના હિટલિસ્ટમાં છે. હજુ સુધી આ પહેલા પણ આના ટેસ્ટ કરવામાં આવી ચુકયા છે. અંતિમ ૧૮મી જાન્યુઆરી ૨૦૧૮ના દિવસે કરવામાં આવ્યું હતું. આ મિસાઈલના હજુ સુધી પાંચ પરીક્ષણ કરાયા છે. તમામ પાંચેય પરીક્ષણ સંપૂર્ણપણે સફળ રહ્યા છે. તે અગાઉ ટેસ્ટ ૨૬મી ડિસેમ્બર ૨૦૧૬ના દિવસે કરાયું હતું તે પહેલા ૧૯મી એપ્રિલ ૨૦૧૨ના દિવસે પ્રથમ પરીક્ષણ, ૧૫મી સપ્ટેમ્બર ૨૦૧૩ના દિવસે બીજુ પરીક્ષણ અને ૩૧મી જાન્યુઆરી ૨૦૧૫ના દિવસે ત્રીજુ પરીક્ષણ કરાયું હતું. પરીક્ષણ માટે નક્કી કરવામાં આવેલા તમામ ધારાધોરણ મુજબ આ મિસાઈલ ટેસ્ટમાં પાર ઉતરતા ખુશીનુ મોજુ ફરી વળ્યુ છે.

ગણતરીમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગાઉ આપણે આ મુદ્દે ચર્ચા કરી હતી. એ ચર્ચાના બીજા થોડા સંકળાયેલા મુદ્દાઓ જોઈશુ એ પહેલા ગ્રામીણ વિસ્તારમાં શાળાઓ વધુ કેમ ? એ સવાલનો ઉત્તર સમજીએ. ગ્રામીણ ગુજરાતમાં વધુ શાળાઓ છે એના કેટલાંક કારણો પૈકી સૌથી મહત્વનું એક કારણ છે રાજ્ય સરકારની નીતિ. રાજ્ય સરકારે પ્રાથમિક શિક્ષણ આપતી શાળાઓ દરેક ગામમાં શરૂ કરાવી છે. ગુજરાતના તમામ ગામડાઓમાં ધો. ૧ થી ૮ ધોરણ સુધીનું શિક્ષણ આપતી શિક્ષણ સંસ્થાઓ અસ્તિત્વ ધરાવે છે. આ તો થઈ પ્રાથમિક શાળાની વાત પરંતુ એનાથી આગળના ધોરણની શાળાઓ જોઈએ તો સરકારે ખાસ જોગવાઈ કરીને ૫ કિ.મી.ના વિસ્તારમાં એક માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા ઉભી કરી છે. આ તમામ શાળાઓ સરકારી શાળા છે. આ સરકારી શાળાઓ ઉપરાંત ખાનગી શાળાઓ, આશ્રમ શાળાઓ, નવોદય વિદ્યાલયો પણ ગ્રામીણ વિસ્તારોમાં ચાલી રહી છે. આ ઉપરાંત ઘણા ગામો એવા પણ છે કે જ્યાં ત્રણ-ચાર સ્કૂલો ચાલતી હોય છે. મધ્ય ગુજરાતના ચરોતરમાં આવી સ્થિતિ આજે પણ જોવા મળે છે. આ વિસ્તારના પાટીદારો વિદેશમાં સ્થાયી થયા છે તેઓ પોતાના ગામની શાળાઓને દાન-સખાવતથી ચલાવતા હોય છે એટલે ગ્રામીણ ગુજરાતમાં શાળાઓનું પ્રમાણ વધારે છે એમ સ્પષ્ટ થાય છે. હજુ એ બાબતને ઉદાહરણ સાથે સમજાવવી હોય તો સમજાવી શકાય. જેમકે દરેક ગામમાં ઓછામાં ઓછી એક શાળા હોય છે. જ્યારે આપણા ગાંધીનગર શહેરની વાત કરીએ તો એક સેક્ટરમાં એક જ શાળા હોય છે. (કેટલાક સેક્ટરમાં બે શાળા ખરી પરંતુ ઘણે ભાગે એક જ હોય) જો આપણે ગુજરાતના મુખ્ય શહેર અમદાવાદની વાત કરીએ તો ત્યાં વોર્ડ દીઠ એક મ્યુનિસિપલ શાળા હોય છે એથી વધારે. ગામડાની સરખામણીએ શહેરમાં વધુ વસ્તી હોવા છતાં શાળાનું પ્રમાણ ઓછુ હોય છે, હા સરકારી શાળા ઉપરાંત ખાનગી શાળાનું પ્રમાણ શહેરમાં વધારે હોય છે એ પણ ધ્યાનમાં લેવાની બાબત છે. ગ્રામીણ વિસ્તારમાં વધુ શાળા હોવાનું એક કારણ એ પણ હોય છે કે ગામડામાં સરકારી શાળા હોય છે એ શાળા ક્યારેય બંધ થતી નથી. હા, નવી શાળા શરૂ થાય પણ ગામડામાં ચાલતી જુની શાળા બંધ થતી નથી. શાળાઓ બંધ થતી નથી એ પણ ગામડામાં શાળાઓ વધુ હોવાનું એક મહત્વનું પરિણામ છે.

ગુજરાતની કુલ વસ્તીની ૨.૩૦ ટકા વસ્તી ગાંધીનગર-શહેર જિલ્લાની છે અને જો ગ્રામીણ અને શહેરી ગુજરાત અને ગ્રામીણ અને શહેરી ગાંધીનગરની વસ્તીની સરખામણીએ જોઈએ તો ગુજરાત અને ગાંધીનગરની શહેરી-ગ્રામીણ વસ્તીમાં લગભગ ૨ ટકાની જ વધઘટ છે. એટલે આંકડાકીય રીતે ટકાવારીમાં બહુ મોટો ફેર પડતો નહીં ગ્રામીણ-શહેરી ગાંધીનગરની ચકાસણી ગુજરાતના સંદર્ભમાં એક સરખી વસ્તીના કારણે કરવી જરૂરી જણાતી નથી.

જો કે ગ્રામીણ ગુજરાતની સરખામણીએ ગ્રામીણ ગાંધીનગરમાં શિક્ષણ સંસ્થાઓની સંખ્યા ટકાવારીની દૃષ્ટિએ ૧૩ ટકા ઓછી છે તો સામે પક્ષે શહેરી વિસ્તારને જોઈએ તો શહેરી ગુજરાત કરતા શહેરી ગાંધીનગરમાં શિક્ષણ સંસ્થાઓ ૧૩ ટકા વધારે છે. ગાંધીનગરના સ્થાપનાકાળથી જ ગાંધીનગરમાં સરકારે સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ શરૂ કરી હતી એ પછીના થોડા વર્ષોમાં ખાનગી શિક્ષણ ટ્રસ્ટો દ્વારા કોલેજો ગાંધીનગરમાં શરૂ થઈ હોવાથી ગ્રામીણ વિસ્તારમાં કોલેજોનું પ્રમાણ ઓછુ છે એમ નોંધવું રહ્યું.

(લેખક સમાજશાસ્ત્રના સહ પ્રાધ્યાપક છે)

કાયદો અને કાનૂન

● ચોથા પાનાનું ચાલું

પોતે ફરીયાદ કરવા કેમ ગયો? અને તે પોતે જાણતો હતો કે લુંટ કોણે કરી છે તેમ છતાં મૌન કેમ રહ્યો ? આવા તમામ પ્રશ્નોના પર્દાફાશ ધવલ અને સતીષ ભારત પાછા ફરે ત્યારે થાય પરંતુ આજદિન સુધી માલ્યાથી લઈ નિરવ મોદી સુધીને પોલીસ ભારત લાવવામાં સફળ થઈ નથી ત્યારે પ્રશ્ન એ થાય કે શું મુખ્ય આરોપી ભારત પરત આવશે ખરા? કે પછી આખું કોકડું ધીરેધીરે ૨૦૧૯ ની ચૂંટણીમાં નવા મુદ્દા સામે લાવી અંધારામાં ધકેલી દેવામાં આવશે અને ભોળી જનતા પોતે લુંટાઈ હોવા છતાં કડવા ઘુંટડા પી તેરીબી ચુપ મેરી બી ચુપ કહેવત સાર્થક કરશે આ તમામ બાબત આવનાર સમયે બહાર આવશે અત્યારે તો માત્ર ૮૦ હજાર કરોડના કૌભાંડમાં નિત નવા મોટા માથાની સંડોવણી બહાર આવે છે તેમ છતાં પોલીસ રાજનેતાઓને પકડી શકેલ નથી તે હક્કિત છે. એક લાખ બીટ કોઈનને સત્તર લાખ સુધી પહોંચાડી પાંચ લાખ સુધી નીચો પછાડયો છે આવનાર સમયમાં બીટ કોઈનના કેટલા ઉપજશે તે કહેવું શકય નથી કારણ કે સમગ્ર બીટ કોઈનમાં રોકાણ વિદેશી રોકાણ હોય ગેરકાયદેસરનું રોકાણ ગણાય છે જેમાં લુટાયા હોય તે ચોરની મા કોઠીમાં મોઢું સંતાડી રોવે તેવો ઘાટ ઘડાશે.

અતિતની આજ

● ચોથા પાનાનું ચાલું

પણ પાકિસ્તાનની મુલાકાત પછી સંઘની અવકૃપાને કારણે ભાજપનું અધ્યક્ષપદ છોડવું પડ્યું હતું.નીતિનભાઈના પિતા રતિભાઈ તો કૉંગ્રેસના અગ્રણી હતા.એટલે નીતિનભાઈને ભાજપ છોડીને કૉંગ્રેસમાં આવવા આગ્રહ કરીને મુખ્યમંત્રી પદ આપવાની ઑફરો થતાં ભાજપમાં અકળામણ વધવી સ્વાભાવિક છે.

હાર્દિકનો નીતિનભાઈને આવકાર

નાયબ મુખ્ય પ્રધાન નીતિનભાઈ વારંવાર રૂસણે બેસતા હોવાથી પાટીદાર અનામત આંદોલનનો ચહેરો બનેલા હાર્દિક પટેલે એમને ભાજપમાંથી નીકળી જવા વારંવાર હાકલ કરી છે. નીતિનભાઈ પોતાના રાજીનામાની કે પક્ષ છોડવાની વાતનો ઈનકાર કરતા રહ્યા હોવા છતાં હાર્દિક એમને છંછેડતો રહ્યો છે. ભાજપવાળાને ચિંતા પણ પેઠી છે કે નીતિનભાઈને નારાજ કરવા જતાં ગુજરાતમાં સરકાર ખોવી પડે એવો વખત આવી શકે. ઘણા બધા ભાજપી ધારાસભ્યો અને નેતાઓની નારાજગી નીતિનભાઈ આસપાસ સંગઠિત થઈ જાય તો વિજય રૂપાણી સરકારને ગબડાવવાનું અશક્ય નથી.અત્યાર લગી ભાજપની નેતાગીરી કૉંગ્રેસમાં ધાડ પાડતી રહી છે. એનાથી ઉલટું પણ થઈ શકે છે. હમણાં પાછા સંઘ-જનસંઘ-ભાજપ ગોત્રના કૉંગ્રેસી રહેલા શંકરસિંહ વાઘેલાના સમર્થકો કૉંગ્રેસમાંથી ભાજપમાં આવ્યા પછી અવગણાઈ રહ્યાની અનુભૂતિને કારણે બેઠકો કરવા માંડ્યા છે.એ કંઈક નવાજૂનીના સંકેત જરૂર આપે છે.

ગુજરાત વિધાનસભામાં ૧૮૨ સભ્યોમાંથી ભાજપ પાસે માત્ર ૯૯ સભ્યો છે. જ્યારે કૉંગ્રેસ પાસે ૮૧નું સંખ્યાબળ છે. દસેક ભાજપી ધારાસભ્યો આઘાપાછા થાય તો ભાજપની રાજ્ય સરકાર ગબડી શકે. કર્ણાટક વિધાનસભાની ચૂંટણી પછી કેન્દ્રથી લઈને દેશભરમાં સૌથી વધુ રાજ્ય સરકારો ભાજપ અને મિત્રપક્ષોની હોવા છતાં બૅંગલૂરુમાં જનતા દળ (એસ) અને કૉંગ્રેસની સરકારે વિશ્વાસનો મત મેળવ્યો, એ પછી ભાજપવિરોધી મોરચો ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં પરિવર્તન લાવવા બાબત આશાવાદી બન્યો છે.આંધ્ર પ્રદેશમાં સત્તારૂઢ તેલુગુ દેશમ્ પાર્ટી અને મહારાષ્ટ્રમાં સત્તામાં સહભાગી શિવસેના જેવા ભાજપના સાથીપક્ષો પણ વાડ ઠેકવા માંડ્યા છે. આવા સંજોગોમાં કૉંગ્રેસમાંથી ધાડ પાડીને ભાજપમાં લવાયેલા નેતાઓ આસમાની સુલતાની કરી પણ શકે છે.જોકે વડાપ્રધાન મોદી અને ભાજપના અધ્યક્ષ અમિત શાહ જાગતા નેતાઓ છે એટલે એ પાણી પહેલાં પાળ બાંધવા માટે નવાં રાજકીય જોડાણો કરવાની વેતરણમાં જરૂર હશે.આવતા દિવસોનાં આકાર લેનારાં રાજકીય સમીકરણો રસપ્રદ બની રહેશે.

haridesai2018@gmail.com